ASHUTOSH®

AN ISO 9001 : 2008 CERTIFIED COMPANY

# ધન વ્યવસ્થા

DHAN VYAVASTHA

VOL. No. 8    ISSUE NO. 4-2016-17    DT. 07.08.2016    RS. 10/-





ઇન્કમટેક્સ, ફાયનાન્સ, વારસાઇ હક અને ઇન્કમ ડીસ્કલોઝર સ્કીમનું પ્રેકટીકલ વિશ્લેષણના વિષય પર જાહેર જનતા, રાજકોટ એન્જીનીયરીંગ એસોસીએશનના મેમ્બરો, ઇ.એન.ટી. સર્જનસ, એનેસ્થેટીક ડોકટર્સ, આંખના સર્જનસ, રેડીયોલોજીસ્ટ ડોકટર્સ અને મોરબી સેનેટરીવેર્સ મેન્યુફેચર્સ એસોસીએશનના મેમ્બર્સ માટે તથા NRI માટે ઇન્કમટેક્સ, કાયદા અને રોકાણ વિષય પર ઇન્ડિયન મેડીકલ એસોસીએશન રાજકોટના સભ્યો માટે સેમીનારનું આયોજન કરવામાં આવેલું હતું. જેમાં ઉપસ્થિત રહેલા શ્રોતાજનોનો આ તકે આશુતોષ ફાયનાન્સીયલ સર્વિસીઝ પ્રા. લી. આભાર વ્યક્ત કરે છે.

## ASHUTOSH FINANCIAL SERVICES PVT. LTD.

A COMPLETE FINANCIAL SOLUTIONS ENTERPRISE

**Corporate & Correspondence Office :** Sterling Apts., Near Jubilee Baug Chowk, Jawahar Road, RAJKOT- 360 001. GUJARAT, INDIA. Phone : +91 281 222 4499, 223 6969. E-mail : info@ashutoshfinserv.com

**Ahmedabad Office :** 903-B, Synergy Tower, Corporate Road, Behind YMCA Club, Prahladnagar, AHMEDABAD-380 015. GUJARAT, INDIA. Phone : +91-79-4005 6279. E-mail : info.abad@ashutoshfinserv.com

www.ashutoshfinserv.com    www.facebook.com/ashutoshfinserv

OUR DIVISIONS & SERVICES

**Ashutosh Investment Advisory**
Connecting people with Investment Opportunities
Email : relationship@ashutoshfinserv.com    Mobile : +91 937 733 5959

**Ashutosh Capital Advisors**
Arranging Finance for all your needs
Email : capital@ashutoshfinserv.com    Mobile : +91 960 100 6464

**Kothari & Co.**
Income Tax & Allied Laws Consultants
Email : lawserve@ashutoshfinserv.com    Mobile : +91 937 696 2244

**Ashutosh NRI Services**
Taxation • Laws • Investments
Email: nris1@ashutoshfinserv.com    Mobile: +91 722 884 8181

**Ashutosh Realty Services**
Real Estate Investment made simple
Email : realty@ashutoshfinserv.com    Mobile : +91 972 521 9090

# રોકાણ અંગેના નિર્ણયો લેવા માટેના જીવનના વિવિધ તબક્કાઓ...




## યંગ એન્ડ ફ્રી

**મુખ્ય લક્ષ્યાંકો...**

- ઈમરજન્સી માટે ફંડ એકઠું કરો
- નાણાકીય રીતે સ્વતંત્ર બનો

જીવનના આ તબક્કે ઈક્વિટીમાં મહત્તમ રોકાણ થાય તેવો પ્રયત્ન કરો અને લાંબા ગાળા માટે કમ્પાઉન્ડીંગનો લાભ મેળવો.

**રોકાણના વર્ગીકરણ માટે સલાહ**

ઈક્વિટી ફંડમાં : ૮૦ %

બોન્ડ ફંડમાં : ૧૦ %

લીકવીડ ફંડમાં : ૧૦ %

## લગ્ન સમયે




**મુખ્ય લક્ષ્યાંકો...**

- તમારા પોતાના ઘર માટે બચત
- બાળક માટે આયોજન
- નિવૃત્તિ માટેનું આયોજન

જીવનના આ તબક્કે થોડી વધારે રકમનું લીકવીડ ફંડમાં રોકાણ કરવું જોઇએ જેથી તમારે ઈમરજન્સીમાં નાણાંની જરૂરિયાત હોય ત્યારે તમે તમારા નાણાકીય લક્ષ્યાંકો સરળતાથી સિદ્ધ કરી શકો.

**રોકાણના વર્ગીકરણ માટે સલાહ**

ઈક્વિટી ફંડમાં : ૭૫ %

બોન્ડ ફંડમાં : ૧૦ %

લીકવીડ ફંડમાં : ૧૫ %




## સુખી કુટુંબ

**મુખ્ય લક્ષ્યાંકો...**

- બાળકોના સ્કુલ અને ઉચ્ચ અભ્યાસ
- નિવૃત્તિ માટે બચત

તમારા ઈમરજન્સી ફંડને જાળવી રાખો અને તમારા નાણાંકીય આયોજન માટે સારા ફાયનાન્સીયલ એડવાઈઝરનો સંપર્ક કરવો.

**રોકાણના વર્ગીકરણ માટે સલાહ**

ઈક્વિટી ફંડમાં : ૬૫ %

બોન્ડ ફંડમાં : ૨૦ %

લીકવીડ ફંડમાં : ૧૫ %

## ભવિષ્યની સૂઝ

**મુખ્ય લક્ષ્યાંકો...**

- સંતાનોના લગ્ન
- નિવૃત્તિ માટે બીજું ઘર
- નિવૃત્તિ માટે બચત

આ તબક્કે તમારા દ્વારા નક્કી કરેલા લક્ષ્યાંકોની વધુ નજીક આવશો અને ધીરે ધીરે તમારું ફંડ ડેટ અને લીકવીડ ફંડ તરફ ગતિ કરશે.

**રોકાણના વર્ગીકરણ માટે સલાહ**

ઇકિવટી ફંડમાં : ૫૦ %

બોન્ડ ફંડમાં : ૨૫ %

લીકવીડ ફંડમાં : ૨૫ %







## પ્રભાવશાળી ઘડપણ

**મુખ્ય લક્ષ્યાંકો...**

- નિવૃત્તિના સમયે સ્થીર આવકનો પ્રવાહ
- પ્રવાસ અને પોતાનો શોખ પૂરા કરવા માટે નાણાં

ટેક્સની બચત થાય તે રીતે ઇકિવટીમાં રોકાણ ઘટાડવું અને ડેટ અને લીંકવીડ ફંડમાં તમારા રોકાણનું પ્રમાણ વધારવું.

**રોકાણના વર્ગીકરણ માટે સલાહ**

ઇકિવટી ફંડમાં : ૩૦ %

બોન્ડ ફંડમાં : ૪૦ %

લીકવીડ ફંડમાં : ૩૦ %

## તમે એમ વિચારો કે ઇકિવટીમાં રોકાણએ તમારું ત્રીજું બાળક છે.

મોટા ભાગના કુટુંબોમાં બે બાળકો હોય છે અને તેઓ પોતાના બાળકોના ભવિષ્ય માટે ૨૫ વર્ષ સુધી તેના ભણતર, લગ્ન, અન્ય જરૂરિયાતો તથા જીવનમાં ઠરીઠામ કરવા માટે પુષ્કળ નાણાં ખર્ચતા હોય છે.

તેવી જ રીતે ઇકિવટીમાં રોકાણ એ તમારા ત્રીજા બાળકનો ખર્ચ છે તેમ સમજી તમારા એક બાળક પર દર વર્ષે જેટલા નાણાં ખર્ચતા હોય તેટલા નાણાંનું ઇકિવટી ફંડમાં રોકાણ કરવું જોઇએ.

૨૫ વર્ષ સુધી આ રીતે રોકાણ કરતાં રહો અને ૨૫ વર્ષ પછી તમારા બાળકો તમારી સાર સંભાળ રાખે કે ન રાખે પણ તમારું આ ત્રીજું બાળક (ઇકિવટીમાં રોકાણ) એ તમારી બાકીની આખી જીંદગીની ખૂબ સારી રીતે સાર સંભાળ રાખશે.

## એક વ્યક્તિની કંપની (One Person Company) રજીસ્ટ્રેશન કરવા માટેના ૭ જરૂરી કારણો




કરવેરા અને આયોજન

## લીમીટેડ લાયબિલિટી પાર્ટનરશીપ (LLP) અંગે ઉપયોગી માર્ગદર્શન

ભાગીદારી પેઢીના ધંધાનો વ્યાપ અને વિસ્તાર જ્યારે ખૂબ મોટા થાય અને તે કારણોસર જો ભાગીદારોને લાગે કે તેમની અમર્યાદિત જવાબદારી રાખવાને સ્થાને તેમણે મર્યાદિત જવાબદારીનો લાભ મેળવવો હોય તો તેવા સંજોગોમાં ''કંપનીઝ એકટ ૧૯૫૬'' હેઠળ કંપની સ્વરૂપમાં ધંધાનું આયોજન કરવામાં આવે છે. જેના સંદર્ભમાં અત્રે લીમીટેડ લાયબીલીટી પાર્ટનરશીપ (LLP) અંગે સંક્ષિપ્તમાં માહિતી આપવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

**(૧) લિમિટેડ લાયબિલીટી પાર્ટનરશીપ (LLP) એટલે ભાગીદારી પેઢી અને કંપનીના લાભોનું આદર્શ સંયોજન**

લિમિટેડ લાયબિલીટી પાર્ટનરશીપ (LLP) માં ભાગીદારી પેઢીની સરળતા અને કંપનીની જેમ મર્યાદિત જવાબદારીનો સુભગ સમન્વય છે. ભાગીદારીને મર્યાદિત જવાબદારીનો લાભ મળે તેમજ ભાગીદારીના પ્રમાણમાં સરળ તેમજ વ્યવહારું સંચાલનની સુવિધા પણ મળે અને સાથોસાથ ઈન્કમટેક્સનો મહત્તમ ફાયદો પણ મળે એવું ધંધાકીય માડોલ એટલે લિમિટેડ લાયબિલિટી પાર્ટનરશીપ (LLP)

**(૨) લીમીટેડ લાયબીલીટી સંબંધી મહત્ત્વની જોગવાઇઓ :**

– ભાગીદારી પેઢી જેમ પેઢીના ભાગીદારી દસ્તાવેજ પ્રમાણે વહીવટ ચલાવે છે તેમ લિમિટેડ લાયાબિલિટી પાર્ટનરશીપમાં એગ્રીમેન્ટ પ્રમાણે વહીવટ ચાલે છે.

- લિમિટેડ લાયબિલિટી પાર્ટનરશીપ (LLP) માં ઓછામાં ઓછા બે ભાગીદાર અને વધુમાં વધુ અમર્યાદિત ભાગીદારોની સંખ્યા હોઇ શકે છે તેમજ દરેક લિમિટેડ લાયબિલિટી પાર્ટનરશીપમાં ઓછામાં ઓછા ૨ ડેઝીગ્નેટેડ પાર્ટનર હોય છે. લીમીટેડ લાયબીલીટીના કાયદાકીય પાલન માટે ડેઝીગ્નેટેડ ભાગીદારો જવાબદાર હોય છે.

- જે વ્યક્તિએ અગાઉના પાંચ વર્ષમાં નાદારી નોંધાવી હોય, લેણદારોને ચૂકવણી સ્થગિત કરી હોય, નૈતિક ગુનાસર જેને છ મહિનાની સજા થયેલ હોય તે ડેઝિગ્નેટેડ ભાગીદાર બની શકતો નથી.

- લીમીટેડ લાયબિલિટી પાર્ટનરશીપમાં નીચે મુજબના ભાગીદાર બની શકે છે.

૧. વ્યક્તિઓ, ૨. અન્ય એલ.એલ.પી., ૩. ઇન્ડિયન કંપનીઓ, ૪. ફોરેન કંપનીઓ

- જે વ્યક્તિ અસ્થિર મગજનો હોય અથવા નાદાર હોય કે નાદારી માટે અરજી કરી હોય તે લીમીટેડ લાયબિલીટી પાર્ટનરશીપમાં ભાગીદાર બની શકશે નહીં.

- દરેક ભાગીદાર લીમીટેડ લાયબીલિટી પાર્ટનરશીપ પેઢીનો એજન્ટ છે પણ અન્ય ભાગીદારનો એજન્ટ નથી. લીમીટેડ લાયબીલીટી પાર્ટનરશીપમાં ભાગીદારની જવાબદારી તેની મુડીની રકમ સુધી મર્યાદિત રહે છે.

- જે કાર્ય કરવા ભાગીદારને ઓથોરીટી ન હોય તે અંગેની જવાબદારી લિમિટેડ લાયબિલીટી પાર્ટનરશીપ પેઢીની અથવા અન્ય પાર્ટનરની જવાબદારી થતી નથી.

- લીમીટેડ લાયબીલીટી પાર્ટનરશીપ ભાગીદાર પોતે કરેલ અયોગ્ય કામ અથવા કામકાજ ચૂક બદલ જાતે કસુરવાર છે પરંતુ અન્ય પાર્ટનરે કરેલ અયોગ્ય કામ અથવા ચૂક બદલ જવાબદાર કરાતો નથી.

- લીમીટેડ લાયબીલીટી પાર્ટનરશીપનું ટર્નઓવર રૂા. ૪૦ લાખથી વધુ હોય અથવા પાર્ટનરોની મૂડીની રકમ રૂા. ૨૫ લાખથી વધારે હોય તો લિમિટેડ લાયબીલીટી પાર્ટનરશીપ પેઢીના એકાઉન્ટસ ઓડિટ કરાવવા પડે છે.

- ભાગીદારોમાં અથવા તેમના નફા-નુકશાનની વહેંચણીમાં ફેરફાર થતાં અથવા નવો ભાગીદાર આવે અથવા છૂટો થાય તો જરૂરી ફોર્મ રજીસ્ટ્રાર ઓફ કંપનીઝમાં ફાઇલ કરવા પડે છે.

- લીમીટેડ લાયબીલીટી પાર્ટનરશીપ એગ્રીમેન્ટમાં જોગવાઇ કરવામાં આવેલી ન હોય તો કોઇપણ ભાગીદારને બહુમતી હોવા છતાં દૂર કરી શકાતા નથી એટલે કે ભાગીદારને દૂર કરવા માટે લીમીટેડ લાયબિલીટી પાર્ટનરશીપના એગ્રીમેન્ટમાં જોગવાઇ કરેલી હોવી જરૂરી છે.

- લિમિટેડ લાયબીલીટી પાર્ટનરશીપમાં જોગવાઇ કરવામાં આવેલ હોય તો જ કોઇપણ ભાગીદાર પોતાનો હક્ક બીજાને તબદીલ અથવા એસાઇન કરી શકે.

- લીમીટેડ લાયબિલિટી પાર્ટનરશીપમાં શેર એસાઇન કરાવેલ અથવા ટ્રાન્સફર કરાવેલ વ્યક્તિ લિમિટેડ લાયબીલીટી પાર્ટનરશીપના વહીવટમાં તો જ ભાગ લઇ શકે જો એગ્રીમેન્ટમાં જોગવાઇ હોય.

- લિમીટેડ લાયાબીલીટી પાર્ટનરશીપમાં શેર ટ્રાન્સફર થાય અથવા એસાઇન થાય તો લિમિટેડ લાયબીલીટી પાર્ટનરશીપ પેઢીનું વિસર્જન થતું નથી.

- લિમીટેડ લાયબીલીટી પાર્ટનરશીપમાં ભાગીદાર મૂડી ફાળો કોઇપણ સ્વરૂપમાં હોઇ શકે છે અને જો મૂડી ફાળો બિન રોકડ સ્વરૂપમાં હોય તો તે એપ્રુવ્ડ વેલ્યુઅર દ્વારા અપ્રુવ્ડ કરાવવો જોઇએ.

**<u>૩. ભાગીદારી પેઢી કંપનીનું લિમિટેડ લાયબિલિટી પાર્ટનરશીપમાં રૂપાંતર કરવા સંબંધી મહત્ત્વની જોગવાઇઓ</u>**

૨૦૧૦ નાણાકીય ધારા અન્વયે એવી જોગવાઇ કરવામાં આવી છે કે જો નીચેની શરતો પરિપૂર્ણ થતી હોય તો તેવા સંજોગોમાં ભાગીદારી પેઢી કે કંપનીનું LLP માં રૂપાંતર થઇ શકશે અને ઇન્કમટેક્સની કલમ ૪૫ હેઠળ મૂડી - નફાની કોઇ જવાબદારી ઉભી થશે નહીં.

- રૂપાંતર થતી ભાગીદારીના બધા જ ભાગીદારો અથવા કંપનીના બધા જ શેર હોલ્ડરોને તેમના રૂપાંતર થતાં પહેલાના શેર હોલ્ડીંગ અથવા નફા-નુકસાનના પ્રમાણમાં જ લીમીટેડ લાયબીલીટી પાર્ટનરશીપના ભાગીદાર બને છે.

- રૂપાંતર કર્યા પછીના પાંચ વર્ષ સુધી લિમીટેડ લાયબિલીટી પાર્ટનરશીપ પેઢીના નફા-નુકસાનના પ્રમાણમાં ૫૦ % થી વધારે કોઇ ફેરફાર થવો જોઇએ નહીં.

- ભાગીદારી પેઢી કે કંપનીની બધી જ મિલકતો અને જવાબદારીઓ લિમીટેડ લાયબિલિટી પાર્ટનરશીપમાં ટ્રાન્સફર થવી જોઇએ.

- રૂપાંતર થતી પેઢીનું અથવા કંપનીનું અગાઉના ત્રણ વર્ષનું સરેરાશ વેચાણ રૂા. ૬૦ લાખથી વધારે ન હોવું જોઇએ અને પ્રાઇવેટ કંપનીની કુલ મીલકતોનું મુલ્ય કંપનીના હિસાબી ચોપડામાં રૂપાંતરના અગાઉના ત્રણ વર્ષ દરમ્યાન રૂા. ૫ કરોડથી વધારે ન હોવું જોઇએ.

- રૂપાંતર થતી ભાગીદારી પેઢીના ભાગીદાર અથવા કંપનીના શેર હોલ્ડરોને સીધો કે આડકતરી કોઇપણ પ્રકારનો ફાયદો મળવો જોઇએ નહીં.

- લીમીટેડ લાયબિલિટી પાર્ટનરશીપના ભાગીદારોને રૂપાંતર થતી વખતે કંપનીના રિઝર્વ સરપ્લસમાંથી ત્રણ વર્ષ સુધી સીધી કે આડકતરી ચૂકવણી કરી શકાશે નહીં.

- રૂપાંતર થતાં સમયે ભાગીદારી પેઢી અથવા કંપનીનો પાછલા વર્ષોની નુકસાનની રકમ ઇન્કમટેક્સના કાયદા મુજબ કેરી ફોરવર્ડ થઇ શકશે.

- રૂપાંતર થતી કંપની અથવા ભાગીદારી પેઢીની મિલકતની પડતર કિંમત લિમિટેડ લાયબીલીટી પાર્ટનરશીપની પડતર કિંમત ગણાશે.

ઉપરોક્ત બાબતને લગતી વધુ માહિતી માટે અમારું ડિવીઝન

**આશુતોષ કેપીટલ એડવાઇઝરી - મો. ૯૬૦ ૧૦૦ ૬૪ ૬૪ નો સંપર્ક કરવા વિનંતી.**




DISCLAIMER : This publication has been prepared by ASHUTOSH FINANCIAL SERVICES PVT. LTD. While reasonable care has been taken in its preparation, this publication does not purport to be a complete description of the securities, markets or developments referred to herein and ASHUTOSH FINANCIAL SERVICES PVT. LTD. does not warrant its accuracy or completeness. This publication is not an offer or solicitation of an offer to buy or sell any security or investments mentioned herein. Please read the offer documents carefully before investing.

To

Registered with Registrar of Newspapers for India Regi. No. GUJGUJ/2009/36607

Postal Regn. No. RAJKOT/600/2014-2016, office of posting RMS, Rajkot on 10th of every month Valid up to 31-12-2016

Printed by : Shri Rajen Umarshibhai Shah, Published by : Shri Daxesh Dinesh Kothari, Owned by : Shri Daxesh Dinesh Kothari and Printed at : Shrenik Printers, 134-Udhyog Nagar Colony, Opp. Krishna Steel, Lohanagar Main Road, Off. Gondal Road, Rajkot-360002. Gujarat- India and Published at : ASHUTOSH FINANCIAL SERVICES PVT. LTD., Sterling Apts., Near Jubilee Baug Chowk, Jawahar Road, Rajkot 360001. Gujarat-India. Editor : Shri Daxesh Dinesh Kothari.